## સાબરકાંઠા ક્રાઈમ બ્રાન્ચે ગઢોડા નજીક

# કારમાંથી ૧૬.૨૦ લાખ રોકડ સાથે બે ઝડપાયા

### ઇન્કમ ટેક્ષ અને આરબીઆઈને જાણ કરાઈ : ૩૫ ટકાએ જુના પૈસાને બદલે નવી ચલણી નોટો આપવા આવ્યા હતા : ૮ લાખ રૂપિયા નવી ચલણી ૨૦૦૦ની નોટોના એક જ સીરીયલ નંબરવાળી મળી આવી : ૧૦,૨૦, ૫૦, ૧૦૦ની નોટોના બંડલ પર વિવિધ બેંકોના નામ નીકળ્યા

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના ગઢોડા રોડ પર આવેલ એક શોપીંગ સેન્ટર આગળથી શનિવારે મધરાત બાદ ઝડપાયેલી સ્વીફ્ટ કારમાંથી ૧૬.૨૦ લાખની ચલણી નોટો ઝડપાઈ આવતા લોકલ ક્રાઈમ બ્રાંચે અને આયકર વિભાગે તપાસ હાથ ધરી છે. જો કે આ રકમમાંથી આઠ લાખની રકમ તો માત્ર ૨૦૦૦ની નવિ નોટો સળંગ સીરીઝમાં જ મળતા જ આઈટી અને પોલીસ બંને ચોકી ઉઠી છે. આ અંગે એ-ડીવીઝન પોલીસ સ્ટેશને પકડાયેલ બે સહીત ચાર વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો બંધ થતા જ હવે આ જુની બંધ નોટોને વટાવીને બદલામાં ૩૫થી ચાળીસ ટકાની ઉંચી રકમથી નવી ૨૦૦૦ અને હાલની ચલણી નોટો આપનારા એજન્ટો પણ ફુટી નિકળ્યા છે. આવી જ રીતે હિંમતનગરની મેડીકલ કોલેજ નજીક ગઢોડા રોડ પર એક શોપીંગ સેન્ટર આગળથી સાબરકાંઠાની એલસીબીએ બે એજન્ટોને ઝડપી લેતા આ વાતનો ખુલાસો સામે આવ્યો છે. જે પ્રમાણે તેઓ સોળ લાખ વીસ હજારની માતબર રકમ ભરેલો થેલો લઈને તેને ૩૫ ટકાના દરે બંધ નોટો સામે આપવા માટે આવતા જ પોલીસને હાથ લાગ્યા હતાં તો પોલીસને જોઈને બે આરોપીઓ ફરાર થઈ ગયા હતાં. ઝડપાઈ ચુકેલા બંને આરોપીઓએ ખુલાસો કર્યો હતો કે પોતે પાંત્રીસ ટકાના વટાવ સાથે આ રકમને જુની નોટોના બદલામાં આપનાર હતા. આ દરમ્યાન જ આ રકમ સાથે તેઓ ઝડપાઈ આવ્યા છે પણ નાણાં કોને આપવાના હતા એ બાબતે જાણતા બે મુખ્ય એજન્ટો રાત્રીના અંધકારમાં ફરાર થઈ ગયા હતા અને તેઓની પોલીસે શોધખોળ હાથ ધરી છે. પોલીસે કાર ઝડપવા દરમ્યાન સ્થળ પરથી અન્ય બે કારો પણ અંધારામાં ફરાર થઈ ગઈ હતી અને તેની પણ પોલીસે જાણકારી મેળવીને તપાસ હાથ ધરી છે. આ અંગે ઝડપાયેલ મયંક પટેલે જણાવેલ કે અમને પુરી ખબર નથી પણ અમારી સાથે પંદરથી સોળ માણસો હતા અને અમે રાત્રે એક કારમાં ચાર જણા આવેલ તેમાથી બે પકડાઈ ગયેલ જ્યારે બે જણા જે ફરાર છે તે બધુ જાણે છે પણ અમને ખબર છે કે અમે ૩૫ ટકાના દરે આ નોટો બદલવા આવ્યા હતા.



આરોપીઓ પાસેથી એક થેલામાંથી મળેલ ૧૬.૨૦ લાખની રકમમાં પોલીસ ૨૦૦૦ની રકમના બંડલ સળંગ સીરીયલ નંબર ધરાવતા ૪૦૯ નોટો એટલે કે ૮.૧૮ લાખના મળી આવ્યા છે આ ઉપરાંત ૧૦૦ના દરની ૬૨૦૪ નોટો એટલે કે છ બંડલ અને ઉપર ૨૦૪ નોટો, પચાસના દરની ૨૨૦૬ એટલે કે ૨૨ બંડલ અને ૦૬ નોટો અને વીસના દરની ૨૦૩૯ એટલે કે ૨૦ બંડલ અને ૩૯ નોટો તેમજ ૧૦ દરની ૩૦૭૨ એટલે કે ૩૦ બંડલ અને ૭૨ નોટો મળીને નોટોના બંડલ મળી આવ્યા છે તો આ બંડલો પર હિંમતનગરની સર્વોદય કોઓપરેટીવ બેંક, સ્ટેટ બેંક પ્રાંતિજ, બેંક ઓફ ઇંડીયા અને એચડીએફસી (જે બંનેની બ્રાંચના નામ છે પણ શાખાના નામ લખાયેલ નથી)ના સ્ટીકર લગાડેલા હતા આમ હાલમાં કરંટ ખાતામાંથી જો પચાસ હજાર રૂપિયા અને સેવીંગ્સમાંથી ૨૪૦૦૦ ઉપાડી શકાય તો એક સાથે આ બંડલ કેવી રીતે તેમની પાસે આવ્યા તો આ ઉપરાંત પણ ૨૦૦૦ની નોટ તો સળંગ સીરીયલ નંબર ધરાવે છે તો એક સાગમટે આટલી બધી નોટો બેંકે કેમ આપી અને કેવી રીતે આપી એ પણ પોલીસને સવાલ મુંઝવી રહ્યો છે, પોલીસે આ મામલે ઈન્કમ ટેક્ષ વિભાગને પણ જાણ કરતા આઈટી એ પણ તપાસ હાથ ધરી છે અને આ મામલે હવે ૨૦૦૦ની નોટ કઈ બ્રાંચે કેવી રીતે આરોપીઓને અપાઈ એ માટે પણ આરબીઆઈ મારફતે પણ તપાસ કરાવાશે અને જો બેંકના કર્મીઓ પણ આમાં સામેલ જણાશે તો તેમની સામે પણ કાર્યવાહી કરાશે, આમ પોલીસે હવે આ સમગ્ર રેકેટ ક્યારથી કેવી રીતે ચલાવાતુ હતુ બેંકોના કર્મચારીઓ પણ સામેલ હતા કે કેમ તે તમામ દીશામાં આયકર અને પોલીસ સાથે મળીને તપાસ ચલાવી રહી છે. જો કે હાલ તો પોલીસ અને આઈટી વિભાગ માટે પણ અનેક સવાલો છે જે મુજબ સૌથી પહેલો સવાલ એ છે કે આ પૈસા તેઓ કોને ચુકવવા માટે આવ્યા હતા ? તો આ પૈસા કેવી રીતે તેઓની પાસે આવ્યા હતા ? તેમજ જે ૨૦૦૦ ની રકમની એક જ સીરીયલ નંબરના બંડલ મળ્યા છે તે તેમની પાસે આવ્યા કેવી રીતે ? શુ તેમની સાથે બેંક પણ સામેલ છે કે કેમ ? જો કે હવે પોલીસ જુની નોટો નો ભંડાર ધરાવનાર અને ૩૫ ટકા એ બદલાવનાર માલેતુજાર શખ્શ સુધી પહોંચશે કે કેમ એની રાહ સાથે પણ પોલીસે હાલ તો તપાસનો દૌર જારી હોવાની વાત કરી રહી છે. આ અંગે સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાંચનાના પીએસઆઈ-ડી.ડી. પરમારે જણાવેલ કે અમે વાહન ચેકીંગમાં હતા એ દરમ્યાન એક શંકાસ્પદ કાર મળી હતી અને જેની તપાસ કરતા બે આરોપીઓ ઝડપાયા હતા બે ફરાર થઈ ગયા હતા. ઝડપાયેલ આરોપી પાસેથી સદર રકમ મળી આવી હતી જેમાં ૨૦૦૦ની નોટોના બંડલમાં એકજ સળંગ સીરીઝ મળી હતી આ અંગે અમે આઈટીને જાણ કરીને તપાસ કાર્યવાહી કરવા જણાવેલ છે. પોલીસ જો બાકીના ૧૪ શખ્શો આ રેકેટમાં કોણ કોણ સામેલ છે એ બાબતે આરોપીઓને કોર્ટમાં રજુ કરીને જ્યુડીશીયલ કસ્ટડી માંગીને તેમના પણ નામ ખોલવાનો પ્રયાસ કરી રહી છે તો સાથે જ નાંણાં કોણ સ્વીકારનાર હતુ તેની પણ તપાસ હાથ ધરી છે પણ હાલ તો આ ઘટના ચર્ચાસ્પદ બની છે.



## ભાજપાની ચૂંટણીલક્ષી કાર્યાલયને ખુલ્લું મુકતાં કે. સી. પટેલ

બનાસકાંઠા જીલ્લામાં આગામી ૨૭ નવેમ્બરે જીલ્લા પંચાયતની ત્રણ બેઠકો માટે પેટા ચૂંટણીનું મતદાન યોજાનાર હતુ. પણ માલગઢ (ડિસા) બેઠકનાં ભાજપાનાં ઉમેદવાર બિનહરીફ જાહેર થતાં હવે માત્ર અંબાજી અને દાંતીવાડા બેઠક માટેનું મતદાન યોજાનાર છે. જેને લઈ આજે ગુજરાત પ્રદેશ ભાજપાનાં મહામંત્રી કે.સી પટેલ અંબાજી પહોંચ્યાં હતા. અને ભાજપાની ચૂંટણીલક્ષી કાર્યાલયને ખુલ્લી મુકી હતી. તેમજ આ પ્રસંગે જાહેરસભા સંબોધી હતી ને તમામ કાર્યકર્તાઓને કોઈ પણ ભોગે આપણી સીટ હાથમાંથી સરકી ન જાય તે માટે મહેનત કરવાં અપીલ કરી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થીત રહેલાં કાર્યકર્તાઓએ પણ પોતાનો જુસ્સો બતાવ્યો હતો આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી કે.સી પટેલે કોંગ્રેસની ટીકા કરવાનું પણ ન ચુક્યાં હતા. અંબાજી ખાતેથી કોંગ્રેસની નિકળનારી આદીવાસી ચેતના યાત્રા રદ થતાં કોંગ્રેસની આ નીતીને છેતરામણી કહી કાર્યકર્તાઓને મતદારોને ભરમાવી રાખવાને આવા કાર્યક્રમો જાહેર કરી મીડીયામાં છવાઈ જવાને પછી કાર્યક્રમ રદ્દ કરવા માટે ટેવાયલી હોવાનું જણાવ્યુ હતુ. આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના પ્રભારી દયુંશતભાઈ પંડ્યા ખાસ ઉપસ્થિત રહી કાર્યાલયનો શુભારંભ કર્યો તેમજ પ્રચારની રૂપરેખાની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું. બનાસકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, મહામંત્રી ભારતસિંહ ભટેસરિયા, અમરતભાઈ દવે, દાંતા તાલુકા પંચાયત પ્રમુખ એલ.કે.બારડ, દાંતા મંડળ પ્રમુખ, મહામંત્રી, અંબાજી પ્રભારી હર્ષાબેન મહેશ્વરી, પૂર્વ પ્રભારી સુમતીભાઈ રાવલ સહીત અંબાજી સરપંચ રાધાબહેન તેરમા, ઉપ સરપંચ રાજકુમાર પટેલ, મહેન્દ્ર અગ્રવાલ સહીત ભાજપના આગેવાનો સહીત અંબાજી જિલ્લા પંચાયત સીટના તમામ સમાજના આગેવાનો અને ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને અંબાજી જિલ્લા પંચાયત સીટ રૂપી કમળ ભાજપને જીતાડવા નીર્ધાર વ્યક્ત કર્યો હતો.

## બનાસ બેંકના ચેરમેન-વા. ચેરમેનની ચૂંટણીમાં શંકરભાઈ ચૌધરીએ નવી કેડી કંડારી

# ચેરમેન એમ.એલ. ચૌધરી, વા. ચેરમેન જીગરભાઈ દેસાઈ બિનહરીફ

પાલનપુર, તા. ૨૦

બનાસ બેંકના ચેરમેન-વા.ચેરમેનની ચૂંટણી નાયબ કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાતા ચેરમેન અને રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીએ ‘‘મેં નહી તુ’’ સુત્રને સાર્થક કરી બતાવેલ છે

શંકરભાઈ ચૌધરીએ બનાસ બેંકના સીનીયર ડીરેક્ટર અને ઉત્તર ગુજરાતના સુપ્રસિદ્ધ એડવોકેટ તેમજ સામાજિક અગ્રણી એમ.એલ. ચૌધરીના નામની દરખાસ્ત રજુ કરી સૌ કોઈને આશ્ચર્યમાં ગરકાવ કરી મુક્યા હતા. આ દરખાસ્તને બેંકના સીનીયર ડીરેક્ટર અણદાભાઈ પટેલે ટેકો આપેલ.

વાઈસ ચેરમેન તરીકે વર્તમાન વા. ચેરમેન જીગરભાઈ ભગવાનભાઈ દેસાઈના નામની દરખાસ્ત માવજીભાઈ સી. પટેલે રજુ કરેલ તેને શૈલેષભાઈ પરબતભાઈ પટેલે ટેકો આપેલ.

ચેરમેન-વા.ચેરમેન શંકરભાઈ ચૌધરીની નિશ્રામાં બિનહરીફ ચૂંટાયેલા જાહેર થતાં ઉપસ્થિત રાજકીય આગેવાનો, સહકારી નેતાઓ અને પત્રકારો સહીત સૌ કોઈએ શંકરભાઈ ચૌધરીની ત્યાગ ભાવનાને આવકારી હતી. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીએ ચેરમેનની વરણી બાદ પ્રત્યાઘાત આપતાં જણાવેલ કે મારી અનેક જવાબદારીઓ અને અન્ય વ્યસ્તતાઓને લઈને જિલ્લાના ખેડૂતોના બેંકને લગતા કોઈપણ




પ્રકારના કામમાં વિલંબ ન થાય તે માટે મેં એમ.એલ. ચૌધરી જેવા કર્મઠ આગેવાન, સુદૃઢ વહીટવકર્તા અને ખેડૂત પુત્ર ઉપર પસંદગી ઢાળેલ છે. મારી આ પસંદગીને તમામ સાથી ડીરેક્ટર મિત્રોએ સર્વાનુમતે આવકારીને સ્વીકારી છે જે માટે હું આજના પ્રસંગે સૌનો આભાર વ્યક્ત કરૂ છું.

આ પ્રસંગે ઉપસ્થિત રાજ્ય સરકારના મંત્રી અને ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠાના અધ્યક્ષ કેશાજી ચૌહાણે નવા વરાયેલા ચેરમેન-વા.ચેરમેનને અભિનંદન પાઠવી જણાવેલ કે આજે હું શંકરભાઈ ચૌધરીની ત્યાગ ભાવનાને આવકારૂ છુ, તેમણે પુરૂ પાડેલ આ ઉત્તમ અને ઉમદા ઉદાહરણ સૌ કોઈએ સ્વીકારવા લાયક છે તેવું જણાવેલ.

જિલ્લા ભાજપના પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યાએ શંકરભાઈ ચૌધરીની ત્યાગ ભાવનાને બિરદાવીને જણાવ્યું હતું કે ગીતાના સુત્ર ‘તેન ત્યકતેન ભુંજીથા’ યાને ‘ત્યાગીને ભોગવી જાણ’ની ઉક્તીને તેમણે સાર્થક કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એક દશકા પહેલા એટલે કે ૨૦૦૬માં શંકરભાઈ ચૌધરીએ બેંકનું સુકાન સંભાળ્યુ ત્યારે બેંકની ડીપોઝીટ રૂ. ૩૫૨ કરોડ હતી જે અત્યારે રૂ. ૧૪૩૦ કરોડે પહોંચેલ છે. ધિરાણો રૂ. ૩૮૮ કરોડ હતા જે અત્યારે રૂ. ૯૭૪ કરોડે પહોંચેલ છે, ૧૫ થી ૧૮ ટકાએ ખેડૂતોને મળતુ ધિરાણ હવે માત્ર ૧ ટકાના દરે લાવવામાં જેમનો સિંહફાળો રહ્યો છે તેવા શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બેંકે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાનું લાયસન્સ પણ મેળવ્યું હતું. અને બેંકને આઈએસઓ : ૨૦૦૮નું પ્રમાણપત્ર મેળવીને ગુણવત્તાના ઉચ્ચ ધોરણો સિદ્ધ કર્યા હતા અને બેંકનો નફો પણ વિક્રમી ૮.૫૦ કરોડે પહોંચ્યો હતો. બેંકનો ઓડીટ વર્ગ, સી.આર.એ.આર. વિગેરે તંદુરસ્તીના માપદંડો પણ ખુબ સારી સ્થિતિએ છે.

બેંકના નવા વરાયેલા ચેરમેન એમ.એલ. ચૌધરીએ આ પ્રસંગે ભાવનાત્મક ઉદ્‌ગારો વ્યક્ત કરતા જણાવેલ કે શંકરભાઈ ચૌધરીએ જે ત્યાગની ભાવના આજે પ્રદર્શીત કરી છે તેને હું કયા શબ્દોમાં વર્ણવું ? શંકરભાઈ ચૌધરી અને સંચાલક મંડળનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરતાં તેઓએ જણાવેલ કે શંકરભાઈ ચૌધરીએ બનાસબેંકની પ્રગતિ, વિકાસ અને લોકાભિમુખ વહીવટની કેડી કંડારી છે અને હું અવિરત પણે જાળવી રાખીશ અને બેંકની પ્રગતિમાં તનમન ધનથી કાર્યરત રહીશે.

આ પ્રસંગે ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ, બનાસ ડેરીના વા. ચેરમેન માવજીભાઈ દેસાઈ, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી પરબતભાઈ પટેલ તથા હરજીવનભાઈ પટેલ, બેંકના પૂર્વ ચેરમેન દલસંગભાઈ પટેલ, જિ.પં. પ્રમુખ દિનેશભાઈ દવે સહીત રાજકીય આગેવાનો, સહકારી કાર્યકરો, બેંકના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, અધિકારીગણ અને મીડીયાના મિત્રો હાજર રહ્યા હતા.






## પાલનપુર એસટી ડેપોની વિદ્યામંદિર અને સદભાવના ગૃપ દ્વારા સફાઈ હાથ ધરાઈ

પાલનપુરને સ્વચ્છ બનાવવાની નેમ સાથે પાલનપુર બસ સ્ટેન્ડ કે જ્યાં ડેપો મેનેજરના આંકડા મુજબ દિવસના અંદાજે ૧૦૦૦૦ લોકો રોજ મુસાફરી સંદર્ભે આવે છે. અને બસસ્ટેન્ડ એ સૌથી વધારે લોકોની અવરજવરવાળી જગ્યા બની રહેવા પામે છે. પાલનપુર બસ સ્ટેન્ડને સાફ કરી અવર-જવર કરતા લોકોને સફાઈની બાબતમાં જાગૃત કરી આ પેસેન્જરો જ્યાં જાય ત્યાં આ સંદેશો લેતા જાય અને પુરા દેશમાં આ જાગૃતતા આવે એ માટેના પ્રયત્નો આજરોજ સદભાવના ગ્રુપ અને વિદ્યામંદિર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે.આ અભિયાનના ભાગરૂપે આજ રોજ સવારથી વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ શિક્ષકો તથા સદભાવના ગ્રુપની પૂરી ટીમ પાલનપુર બસસ્ટેન્ડને સાફ કરવાના નેમ સાથે સવારે ૮ વાગ્યે બસ સ્ટેન્ડ પર આવી રોડ, પાર્કિંગની જગ્યા બસોમાં, દીવાલો પર બસસ્ટેન્ડના ધાબા તથા સૌચાલયની પણ સફાઈ કરી હતી. આ અભિયાન એકાદ દિવસ નહી પણ વિદ્યામંદિર અને સદભાવના ગ્રુપની ટીમ ૨૦૧૯ સુધી પાલનપુર બસસ્ટેન્ડમાં ચલાવશે. આ કાર્યક્રમમાં આજરોજ હસમુખભાઈ મોદી, સદભાવના ગ્રુપથી હરેશભાઈ ચૌધરી, સાગર જાની એસટીના ડીસી કમલ હશન ડો સુરેન્દ્રભાઈ ગુપ્તા, ડેપો મેનજર પ્રકાશભાઈ પટેલ હાજર રહેલ.